તંત્ર ઘોર નિંદ્રામાં ! | સત્તાધીશો કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યા છે?

વીરપુરના ગુદીના મુવાડા-ઉમરીયા માર્ગની આઠ વર્ષથી દયનીય હાલત !

વિકાસના પોકળ
દાવાઓ વચ્ચે રસ્તા પરથી કોંક્રિટ ઉખડી ગયું, ઠેરઠેર કમરતોડ ખાડાનું સામ્રાજ્ય

(પ્રતિનિધિ) વીરપુર તા.૨૨

મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકામાં આવેલા ગુદીના મુવાડાથી ઉમરીયા ગામને જોડતો માર્ગ છેલ્લા આઠ-આઠ વર્ષથી ભારે બિસ્માર હાલતમાં ફેરવાઈ જતાં સ્થાનિક ગ્રામજનો, રાહદારીઓ અને ખેડૂતો અત્યંત દયનીય હાલાકીનો સામનો કરી રહ્યા છે. એક તરફ સરકારી



તંત્ર દ્વારા વિકાસના મોટા-મોટા દાવાઓ કરવામાં આવી રહ્યા છે, ત્યારે બીજી તરફ આ માર્ગની બદતર સ્થિતિ તંત્રની કામગીરી સામે અનેક ગંભીર સવાલો ઊભા કરી રહી છે.

ગુદીના મુવાડાથી ઉમરીયા ગામને જોડતા મુખ્ય માર્ગ પર ઠેરઠેર મોટા અને ઊંડા ખાડા પડી ગયા છે. આટલું જ નહીં, રસ્તા પર નાખવામાં આવેલું કોંક્રિટ પણ સંપૂર્ણપણે ઉખડીને બહાર નીકળી ગયું હોવાથી ટુ-વ્હીલરચાલકો માટે આ માર્ગ પરથી પસાર થવું અત્યંત જોખમી બન્યું છે. અનેક વખત બાઈકચાલકો ખાડામાં પટકાઈ જવાના કારણે ગંભીર અકસ્માતનો ભોગ બનવાની ભીતિ સેવાઈ રહી છે. ખાસ કરીને ચોમાસાની ઋતુમાં વરસાદી પાણી ખાડાઓમાં ભરાઈ જતાં રસ્તાની વાસ્તવિક સ્થિતિનો અંદાજ લગાવવો પણ મુશ્કેલ બને છે, જેના કારણે વાહનચાલકો માટે આ માર્ગ પરથી પસાર થવું સાક્ષાત મોતને આમંત્રણ આપવા સમાન બની રહ્યું છે.

આ બિસ્માર માર્ગના કારણે સ્થાનિક ખેડૂતોને પણ પોતાના માલસામાન અને કૃષિ પાકની હેરફેર કરવામાં ભારે મુશ્કેલીઓ વેઠવી પડી રહી છે. સૌથી ગંભીર બાબત એ છે કે સ્થાનિક ગ્રામજનો દ્વારા આ માર્ગના તાત્કાલિક નવીનીકરણ માટે તંત્ર સમક્ષ અનેક વખત લેખિત તથા મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં આજદિન સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. આઠ-આઠ વર્ષ જેટલો લાંબો સમય વિતી ગયો હોવા છતાં જવાબદાર તંત્રના અધિકારીઓની ઘોર ઉદાસીનતા સામે ગ્રામજનોમાં ભારે આક્રોશ અને રોષ જોવા મળી રહ્યો છે.

આણંદ જિલ્લામાં પોલિયો રસીકરણ અભિયાનનો પ્રારંભ







આણંદ જિલ્લામાં રવિવારથી પોલિયો રસીકરણ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આણંદના ગણેશ ચોકડી આરોગ્ય કેન્દ્ર ખાતે કલેક્ટર ઉત્સવ ગૌતમ અને જિલ્લા વિકાસ અધિકારી દેવાહુતીએ ભૂલકાઓને પોલિયોના બે ટીપાં પીવડાવીને ઝુંબેશની શરૂઆત કરાવી હતી. આ ત્રણ દિવસીય અભિયાન દરમિયાન જિલ્લાના ૦થી ૫ વર્ષ સુધીના કુલ ૨,૫૧,૮૨૪ ભૂલકાઓને પોલિયો રસી પીવડાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.પ્રથમ દિવસે બાકી રહી ગયેલા બાળકોને બીજા અને ત્રીજા દિવસે આરોગ્ય કર્મચારીઓ ઘરે-ઘરે જઈને તથા બસ સ્ટેન્ડ અને ચોકડી જેવા વિસ્તારોમાં મોબાઇલ ટીમો દ્વારા રસી પીવડાવશે.

આણંદમાં વીજ બિલ ભરવા ગ્રાહકોની લાંબી લાઈનો

સિનિયર સિટીઝનો
માટે અલગ કાઉન્ટર શરૂ કરવા માગ

(પ્રતિનિધિ) આણંદ તા.૨૨

આણંદમાં મધ્ય ગુજરાત વીજ કંપનીની કચેરી ખાતે વીજ બિલ ભરવા આવતા ગ્રાહકોને અપૂરતા કાઉન્ટર અને કર્મચારીઓની ધીમી કામગીરીના કારણે ભારે હેરાનગતિ ભોગવવી પડતાં ભારે રોષની લાગણી જન્મી છે.

આણંદ મધ્ય ગુજરાત વીજ કચેરીમાં બિલ કલેક્શન માટે માત્ર બે જ કાઉન્ટર કાર્યરત હોવાના કારણે સમયસર વીજ બિલ ભરવા આવતા ગ્રાહકોને કલાકો સુધી લાંબી લાઈનોમાં ઊભા રહેવાની નોબત આવી છે. એક તરફ કર્મચારીઓની ગોકળગાયની ગતિએ ચાલતી ઢીલી કામગીરી અને બીજી તરફ અધિકારીઓના અંધેર વહીવટનો ભોગ ગ્રાહકો બની રહ્યા છે. આ પરિસ્થિતિમાં સિનિયર સિટીઝનો માટે અલાયદી કોઈ લાઈન કે કાઉન્ટરની વ્યવસ્થા ન હોવાથી વયસ્ક ગ્રાહકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે.

આ અંગે ગ્રાહકોમાં ઉઠેલી વ્યાપક માગણી મુજબ, કચેરીમાં સત્વરે કુલ ચાર કાઉન્ટર શરૂ કરવામાં આવે, જેમાં એક કાઉન્ટર ખાસ સિનિયર સિટીઝન માટે અનામત રાખવામાં આવે અને બાકીના ત્રણ કાઉન્ટર નિયમિત બિલ કલેક્શન માટે ચાલુ રાખવામાં આવે. આ અંગે વીજ કંપનીના અધિકારીઓ સત્વરે સ્થળ નિરીક્ષણ કરે અને તાત્કાલિક કાઉન્ટરો વધારીને સિનિયર સિટીઝન માટે અલગ કેશ કલેક્શન કાઉન્ટર શરૂ કરાવે તેવી લોકમાગ ઉઠી છે.

કર્મચારીઓના પીએફ, બોનસ અને આઈડી કાર્ડ વગર શોષણ થતા હોબાળો

નડિયાદ સિવિલ હોસ્પિટલના આઉટ સોર્સિંગ કર્મચારીઓ લાભોથી વંચિત

સેફ્ટી સાધનો વિના
જોખમી કામગીરી કરાવવાનો અને પીએમજેવાયના નાણાં ચાઉ કરી જવાનો આક્ષેપ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૨

નડિયાદ સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા આઉટસોર્સિંગ કર્મચારીઓએ સાઈનાથ કૃપા એસ.વી. સહાય જૂથ એજન્સીની આપખુદશાહી અને શોષણખોર નીતિ સામે મોરચો માંડ્યો છે. છેલ્લા પાંચથી સાત વર્ષથી હોસ્પિટલમાં રાત-દિવસ સેવા આપતા શ્રમજીવીઓને પીએફ, બોનસ, પગાર સ્લિપ અને ઓળખપત્ર જેવી પાયાની સુવિધાઓથી વંચિત રાખી શોષણ કરવામાં આવતું હોવાનો ગંભીર આક્ષેપ ઉઠ્યો છે.

નડિયાદ સિવિલ હોસ્પિટલમાં વર્ષ 2019 અને 2021થી સતત ફરજ બજાવતા કર્મચારીઓને આજદિન સુધી સત્તાવાર જોઈનિંગ લેટર કે ઓળખપત્ર આપવામાં આવ્યા નથી. ઓળખપત્ર (આઈડી કાર્ડ) ન હોવાના કારણે રાત્રિ પાળીમાં પગારમાંથી કપાતું પ્રોવિડન્ટ ફંડ (PF) છેલ્લા ઘણા સમયથી ખાતામાં જમા જ થતું નથી. આ ઉપરાંત શ્રમ નિયમોનો ભંગ કરીને એક પણ રૂપિયાનું બોનસ ચૂકવાયું નથી અને પીએમજેવાય (PMJAY) યોજનાના હકના નાણાં પણ એજન્સી ચાઉં કરી ગઈ હોવાનો કર્મચારીઓમાં ભારે રોષ છે.

સૌથી મહત્વની બાબત એ છે કે, ઓક્સિજન પ્લાન્ટ અને ફાયર વિભાગ જેવા અત્યંત જોખમી સ્થળોએ કામ કરતા કર્મચારીઓને સેફ્ટી શૂઝ કે યોગ્ય ડ્રેસ પણ પૂરો પાડવામાં આવ્યો નથી.

આ ઉપરાંત કર્મચારીઓ કોઈ પણ સુરક્ષા સાધનો વિના જીવના જોખમે કામ કરવા મજબૂર બન્યા છે.

ગળતેશ્વર તાલુકાના પરબિયા ગામનું સરનામું ધરાવતી આ એજન્સીનું ઓનલાઈન કોઈ અસ્તિત્વ જોવા મળતું નથી. એજન્સીના સંચાલક શૈલેષ પટેલ કે માલિક પિનાકીન પટેલ તરફથી કોઈ સીધો જવાબ મળતો નથી. સરકારી બાબુઓની રહેમનજર હેઠળ શ્રમ કાયદાના ધજાગરા ઉડી રહ્યા હોવાથી કર્મચારીઓએ આ બેજવાબદાર એજન્સી સામે કડક કાર્યવાહીની માંગ કરી છે.

પાલ્લાના મેળાના પગલે ભારે વાહનો પર પ્રતિબંધ

નીલકંઠ મહાદેવે
ઉમટનારી લાખોની ભીડ અને વૌઠા પુલ પર અકસ્માત અટકાવવા વહીવટી તંત્રનો નિર્ણય

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૨

માતર તાલુકાના પાલ્લા ગામે સપ્ત નદીના સંગમ સ્થાને આવેલા નીલકંઠ મહાદેવ મંદિરે યોજાનાર દેવ દિવાળીના લોકમેળાને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા મહત્વનો નિર્ણય લેવાયો છે. મેળામાં આવતા લાખો ભક્તોની સુવિધા અને સુરક્ષા માટે તારીખ 25મી નવેમ્બર સુધી પાલ્લા અને માતરના પાલ્લા અને વૌઠા ગામ વચ્ચે સાબરમતી નદીના પુલ પર મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પગપાળા અવરજવર કરતા હોય છે. આ ભીડભાડવાળા માર્ગ પર અકસ્માત કે જાનહાનિ અટકાવવા માટે ખેડા પોલીસ અધિક્ષકની દરખાસ્ત પર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ હેઠળ આ હુકમ જારી કરવામાં આવ્યો છે.

આ હુકમ અનવયે માતર તાલુકાના વારુકાસ ચોકડીથી પાલ્લા ગામ થઈ વૌઠા ગામ તરફ જતો માર્ગ અને ધોળકાથી વૌઠા ગામ થઈ પાલ્લા થઈ વારુકાસ ચોકડી તરફ આવતો માર્ગ પ્રતિબંધિત કરાયો છે.

વૌઠા તરફ જતા તમામ ભારે વાહનોની અવરજવર પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ વિસ્તારમાં જાહેરનામાનો ભંગ કરનાર વાહનચાલકો સામે કાયદેસરની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

આણંદ જિલ્લા ક્ષત્રિય એકતા મંચ પરિવાર દ્વારા બહેનોને સાડી-કપડાંનું વિતરણ કરાયું

આણંદ | દિવાળીના પાવન તહેવાર નિમિત્તે ક્ષત્રિય એકતા મંચ આણંદ જિલ્લા પરિવાર દ્વારા જરૂરિયાતમંદ પરિવારો પણ ખુશીઓ મનાવી શકે તેવા ઉમદા હેતુ સાથે એક સરાહનીય કાર્ય કરવામાં આવ્યું હતું. સંગઠનના હોદ્દેદારો અને કાર્યકરોએ વિવિધ ગ્રામ્ય વિસ્તારોની મુલાકાત લઈને વિધવા બહેનોને સાડી તથા કપડાંનું વિતરણ કર્યું હતું. તહેવારના સમયે વહારે આવેલી આ સંસ્થાના ઉત્કૃષ્ટ કાર્યને સ્થાનિક ગ્રામજનોએ પણ ખૂબ બિરદાવ્યું હતું.



સરદાર પટેલ યુનિ.ના ડૉ. એ. એચ. હાસમાણીને 'પ્રા. એ. આર. રાવ રિસર્ચ એવોર્ડ' એનાયત



આણંદ | વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક ગણિત વિભાગના પ્રાધ્યાપક [A. એ. એચ. હાસમાણીને ગણિત ક્ષેત્રે ઉત્કૃષ્ટ સંશોધન બદલ પ્રતિષ્ઠિત 'પ્રા. એ. આર. રાવ રિસર્ચ એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો છે. ગોધરાની શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ખાતે યોજાયેલા ગુજરાત ગણિત મંડળના ૬૩મા વાર્ષિક અધિવેશન દરમિયાન એ. આર. રાવ ફાઉન્ડેશન દ્વારા આ સન્માન અર્પણ કરાયું હતું. આ સિદ્ધિ બદલ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. નિરંજન પટેલે ડો. હાસમાણીને હૃદયપૂર્વક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

કપડવંજના વાત્રકકાંઠાના અપ્રુજી ગામમાં ધામધૂમથી યોજાયો તુલસી વિવાહ ઉત્સવ

કપડવંજ | વાત્રકકાંઠા વિસ્તારના અપ્રુજી ગામમાં કારતક સુદ એકાદશીના પવિત્ર દિવસે તુલસી વિવાહ મહોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ધર્મિષ્ઠાબેન લક્ષ્મણસિંહ સોલંકી દ્વારા ચાંદીના ઝાંઝર અને શૃંગાર સાથે તુલસી માતાનું મામેરું અપ્રુજીથી કોઠી બાયરોલી ગામે મહાદેવ મંદિરે ડીજેના તાલે લઈ જઈ વધાવવામાં આવ્યું હતું. બગી વરઘોડામાં દીકરી આસ્થાબા (તુલસી માતા) અને દીકરી સ્મિતાબા (શ્રીકૃષ્ણ) ના સ્વરૂપે વિરાજમાન થયા હતા, જ્યારે વિજયાબેન દશરથભાઈ દ્વારા કન્યાદાન કરવામાં આવ્યું હતું. આયોજક રબારી આશાબેન વેરસીભાઈ અને ચૌહાણ રાજેન્દ્રસિંહ બાદરસિંહના આયોજન હેઠળ યોજાયેલા આ ધાર્મિક પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તોએ દર્શન તથા ભોજનનો લાભ લીધો હતો.



કપડવંજ શ્રી નારાયણદેવ મંદિરમાં ૨૩૪મો તુલસી વિવાહ અને શાકોત્સવ ભવ્ય રીતે ઉજવાયો

કપડવંજ | કપડવંજના નગરદેવ શ્રી નારાયણદેવ મંદિરમાં ૨૩૪મા તુલસી વિવાહ મહોત્સવ તથા શ્રીજી મહારાજના શાકોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. નીજ મંદિરમાં સંધ્યા આરતી બાદ શ્રીજી મહારાજને ઈડીપીડીથી નજર ઉતારી વાજતે-ગાજતે ચોરીમાં બિરાજમાન કરવામાં આવ્યા હતા. આ મંગલ પ્રસંગે શ્રીજી મહારાજના તુલસીજી સાથે વિવાહ સંપન્ન થયા હતા. આ તુલસી વિવાહ તથા શાકોત્સવના દિવ્ય દર્શનનો લાભ લઈ તમામ ભાવિક ભક્તોએ ધન્યતા અનુભવી હતી.



કપડવંજ ખાતે કૌશલ દીક્ષાંત સમારોહમાં તાલીમાર્થીઓને ભવિષ્યની શુભેચ્છાઓ અપાઈ



કપડવંજ | કપડવંજ ખાતેની ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં કૌશલ દીક્ષાંત સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨. આ પ્રસંગે ધારાસભ્ય રાજેશ ઝાલા તેમજ સ્થાનિક પદાધિકારીઓ સહિત સંસ્થાના આચાર્ય, સ્ટાફગણ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ તાલીમ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે કૌશલ્ય એ આત્મનિર્ભરતાનો મજબૂત આધાર છે. યુવાનો પોતાના હુન્નર અને પરિશ્રમ થકી રોજગાર તથા સ્વરોજગાર મેળવી પરિવાર, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

આણંદના રણછોડરાય મંદિરે તુલસી વિવાહની ભવ્ય ઉજવણી કરવામાં આવી

આણંદ | આણંદના સુપ્રસિદ્ધ રણછોડરાય મંદિર ખાતે દેવઉઠી એકાદશીના પવિત્ર પ્રસંગે પરંપરા મુજબ તુલસી વિવાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. બપોરે ગણેશ સ્થાપન અને ગ્રહશાંતિ વિધિ કર્યા બાદ રાત્રે હજારો વૈષ્ણવોની ઉપસ્થિતિમાં વૈદિક પરંપરા અનુસાર ઠાકોરજી સન્મુખ વિવાહ સંપન્ન થયા હતા. આ પ્રસંગે ૨૫૦૦થી વધુ વૈષ્ણવોએ પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી અને સમગ્ર કાર્યક્રમના મુખ્ય યજમાન રમણભાઈ વકીલ રહ્યા હતા. વહેલી સવારની મંગળા આરતીથી રાત સુધી ભક્તો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા, તેમજ મંદિરના પ્રમુખ પ્રજ્ઞેશભાઈ પટેલ અને સેવકોએ જહમત ઉઠાવી હતી.



ચારુસેટમાં એઆઈ, કોમ્યુનિકેશન અને સ્માર્ટ સિટીઝ પર આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ યોજાઈ

આણંદ | ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ ટેક્નોલોજી એન્ડ એન્જિનિયરિંગ દ્વારા 'આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, કોમ્યુનિકેશન ટેક્નોલોજી અને સ્માર્ટ સિટીઝ' વિષય પર દ્વિતીય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ હાઇબ્રિડ મોડમાં સફળતાપૂર્વક યોજાઈ હતી. ગુજરાત સરકારના GUJCOST અને DST દ્વારા કો-સ્પોન્સર્ડ આ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં અમેરિકા, યુકે, કેનેડા અને ઓસ્ટ્રેલિયા સહિત 9 દેશોના સંશોધકોએ ભાગ લીધો હતો. આ કોન્ફરન્સ અંતર્ગત પ્રાપ્ત થયેલા 650થી વધુ રિસર્ચ પેપર્સમાંથી નિષ્ણાતોની સઘન સમીક્ષા પ્રક્રિયા બાદ પસંદગી પામેલા 45 ઉત્કૃષ્ટ રિસર્ચ પેપર્સ રજૂ કરવામાં આવ્યા હતા.



સંતરામપુરમાં જનજાતીય ગૌરવ સપ્તાહ અંતર્ગત મહિલા સંમેલન યોજાયું

સંતરામપુર | ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે નગરપાલિકા ટાઉનહોલ, સંતરામપુર ખાતે મિશન મંગલમ શાખા દ્વારા મહિલા સંમેલન અને કેશ ક્રેડિટ કેમ્પનું સફળ આયોજન કરાયું હતું. આ પ્રસંગે બાળ સંરક્ષણ આયોગના ચેરમેન ઘર્મિષ્ઠાબેન ગજ્જર, પૂર્વ સાંસદ રમીલાબેન બારા, ધારાસભ્ય કુબેરભાઈ ડિંડોર તથા જિલ્લા કલેક્ટર અર્પિત સાગર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ મહિલા સશક્તિકરણ અર્થે ૧૬ સ્વસહાય જૂથોને ₹૪૮ લાખનું લોન ધિરાણ મંજૂર કરી, ૫ જૂથોને સ્ટેજ પરથી ₹૧૫ લાખની સહાયના ચેક આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત ૨,૫૦૦ કાજુના રોપાનું વિતરણ કરાયું હતું તથા ઐતિહાસિક માનગઢ ધામ ખાતે વધુ ૨,૦૦૦ રોપા વિતરણનું આયોજન છે.



લુણાવાડાની શિવમ એકેડેમી ખાતે સફળ વિદ્યાસહાયકોનો સત્કાર સમારોહ યોજાયો

લુણાવાડા | લુણાવાડા ખાતે સાઈ કૃપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શિવમ એકેડેમી દ્વારા સફળતા સત્કાર સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં એકેડેમીમાંથી તાલીમ મેળવી સરકારી શિક્ષણ વિભાગમાં વિદ્યાસહાયક તરીકે પસંદગી પામેલા ઉમેદવારોનું પ્રમાણપત્ર, ટ્રોફી અને ભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પ્રમુખ દશરથસિંહ બારીયા, જિલ્લા ઉપપ્રમુખ સી.એન. બારીયા, પ્રદીપસિંહ ઠાકોર, કમલેશભાઈ પટેલ સહિત ડિરેક્ટર વિક્રમસિંહ ખાંટ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ સફળ ઉમેદવારોને અભિનંદન પાઠવ્યાં હતાં.



આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો. એમ. પી. પટેલે ગોધરા કૃષિ ઇજનેરી મહાવિદ્યાલયની મુલાકાત લીધી



આણંદ | આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો. એમ. પી. પટેલે ગોધરા સ્થિત કૃષિ ઇજનેરી અને ટેક્નોલોજી મહાવિદ્યાલયની મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય હેતુ નવા 'સેન્ટર ઓફ એક્સેલન્સ ઓન ફાર્મ મિકેનાઇઝેશન' પ્રોજેક્ટ અંતર્ગત કચેરી ભવન અને કર્મચારી આવાસ નિર્માણ માટેના સ્થળોનું નિરીક્ષણ કરવાનો હતો. મહાવિદ્યાલયના પ્રભારી આચાર્ય ડો. પંકજ ગુપ્તાએ કુલપતિશ્રીનું સ્વાગત કરી સંશોધન પ્રોજેક્ટ તથા તેની પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. આ પ્રસંગે સંશોધન નિયામક ડો. એસ. એન. શાહ સહિત અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આણંદની સરદાર વલ્લભભાઈ પટેલ હાઇસ્કૂલના શિક્ષકોને 'નેશન બિલ્ડર એવોર્ડ'થી સન્માનિત કરાયા

આણંદ | રોટરી ક્લબ આણંદ રાઉન્ડ ટાઉન દ્વારા શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી અને સમર્પિત ભાવનાને બિરદાવવા માટે વિશેષ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચરોતર એજ્યુકેશન સોસાયટી આણંદ સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ હાઇસ્કૂલ ખેતીવાડીના પ્રતિભાશાળી શિક્ષકો રોનકબેન પટેલ અને કેતનભાઇ ડી. પટેલનું બહુમાન કરાયું હતું. શિક્ષણ ક્ષેત્રે આપેલી નિષ્ઠાવાન સેવાઓ બદલ બંને શિક્ષકોને 'નેશન બિલ્ડર એવોર્ડ' એનાયત કરીને સન્માનિત કરવામાં આવ્યા છે. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ શાળાના આચાર્ય યોગેશભાઈ પટેલે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

